જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૧૨/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૦૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૯૭ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૦૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૨૦૫૫/૨૦૨૩

**સાયબર ક્રાઇમ:** રાહુલભાઇ મનુભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે.વીરલ એપાર્ટમેન્ટ, ગોસા સોસાયટી સામે, થલતેજ) એ તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૯/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રાહુલભાઇને અલગ-અલગ ફોન નંબર 9038417278 અને +91 11 69313594 થી વાતચીત કરનાર અજાણી વ્યક્તિએ business@zudiofranchise.shop ઇ-મેલ એડ્રેસ થી મેસેજની આપ-લે કરી, “ઝુડીઓ” ની ફેન્યાઇઝી આપવાના બહાને કુલ રૂપિયા ૫,૨૧,૧૧૧/- તેના એક્સીસ બેંક એકાઉન્ટ નંબર 923010008051551 IFSC- UTIB0001394 માં ભરાવડાવી આજદીન સુધી “ઝુડીયો” ની ફ્રેન્યાઇઝી નહી આપી રાહુલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૬/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** ગુલાબજી માધુજી ઠાકોર (ઉ.વ.૫૬)(રહે.સન ડીવાઈન-3, વ્રજધામ-૦૧ ની સામે, ચાણકયપુરી ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૧૨/૨૦૨૩ સવારના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૯૧,૮૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવીયા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૭/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** નેહાબહેન વા/ઓ સાગર દોશી (ઉ.વ.૪૮)(રહે.મેનેજમેંન્ટ એંન્કલેવ ઇન્દ્રપ્રસ્થ બંગ્લોઝ સામે માનસી સર્કલ નજીક વસ્ત્રાપુર) તા.૨૨/૧૨/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાનુ ટી.વી.એસ સ્કુટી લઇ માનસી સર્કલ થી વસ્ત્રાપુર તળાવ જતા રોડ પર મેનેજમેંટ એંન્કલેવ પાસે કાઠીયાવાડી પાન પાર્લર સામે રોડ ઉપર પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) એ નેહાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નેહાબહેન દોશીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૮/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** મુકેશકુમાર રત્ના મીણા (ઉ.વ.૩૦)(રહે.અજયભાઈ ની ચાલી પગીવાસ વસ્ત્રાપુર ગામ વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ બપોરના ૩/૧૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક મકાનમાં પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઈસ્માઈલખાન ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટીઃ** કાળીબહેન ડો/ઓ રત્નાભાઇ મકવાણા (ઉ.વ.૨૭)(રહે.મોડાબધાનો વાસ, ગુલબાઇ ટેકરા) અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ બપોરના ૩/૧૫ પહેલા પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**કાલુપુરઃ** મયુરભાઈ રાજુભાઇ સોલંકી (ઉ.વ.૧૯)(રહે.બિયડા પોળ, પ્રકાશ હાઇસ્કુલ ચેતના હોટલની બાજુમા રીલીફરોડ કાલુપુર)એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ ના કલાક ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**બાપુનગરઃ** પાંડુરંગ પેન્ટેયા માળા (ઉ.વ.૫૨)(રહે.પટેલ પરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપની સામે રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ બ્લોક નંબર.૩૪૦/૧૭૩૨ ખાતે આવેલ કારખાનાના મકાનની અંદર છેલ્લા રૂમમાં છતમાં લગાવેલ હુક સાથે કાપડની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**ખાડીયાઃ** સંગીતાબહેન સુરજીત મન્ના(ઉ.વ.૨૩)(રહે.આકાશ શેઠ કુવાની પોળ રાયપુર ચકલા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ સવારના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.પરમાર ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિજયકુમાર ભીખાભાઇ સુથાર(ઉ.વ.૩૦)(રહે.અજાપુરા, માળીવાસ, કાન્ત બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા રાયપુર દરવાજા બહાર, એસ.ટી.ગીતામંદિર, આવકાર ગેસ્ટ હાઉસ, બીજો માળ, રૂમ નંબર-૧૯ ખાતે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વીનભાઇ રૈયાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી